રાંદેર પો.સ્ટે.ના ખુનની કોશીષના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતી,

સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

તા.૨૫/૦૮/૨૦૧૯ ના કલાક ૦૧/૩૦. વાગ્યે ઉગત એસ.એમ.સી. આવાસની સામે જાહેર રોડ ઉપર ફરીયાદીશ્રીને આરોપી બાવરી નામના ઈસમે જન્માષ્ટમીના તહેવારમાં રાત્રીના સમયે મટકી ફોડવાના કાર્યક્રમ મહોલ્લામાં ચાલુ હોય તે વખતે મટકી ફોડવા સારૂ આરોપી છોકરાઓના સપોટના સહારે ઉપર ચઢવા લાગેલ તે વખતે ફરીયાદીશ્રીએ તેને ના પાડતા આરોપી બાવરીએ ફરી.શ્રી સાથે બોલાચાલી કરી ઝગડો કરેલ ત્યારબાદ ફરી.શ્રીને અદાવત રાખીને રાત્રીના સમયે એકલતાનો લાભ લઈ ફરી.શ્રીને ડાબી બાજુ પેટના ભાગે ખંજર વડે જીવલેણ ઘા મારી ગંભીર ઈજા કરી નાસી ગયેલ આરોપી વિરુધ્ધમાં રાંદેર પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૧૮૬/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૦૭,૫૦૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ જે આરોપીને સત્વરે પકડી પાડવા સારૂ ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ માણસોની ટીમ કામગીરીમાં રોકાયેલ. દરમ્યાન નાસતા ફરતા સ્કોડના હે.કો.શૈલેષ રાધેબિહારી અને પો.કો.મનોજ તુકારામનાઓને મળેલ હકીકત આધારે આરોપી:- દિપક ઉર્ફે બાવરી S/O બનમાળી અંતુ નાહક ઉ.વ.૨૪ રહે. બીલ્ડીંગ નંબર-ઇ/૨, રૂમ નંબર-૦૪, એસ.એમ.સી. આવાસ ઉગત રાંદેર, સુરત. મુળ ગામ-ખરીડા થાના-કબીસુજય નગર જી.ગંજામ.(ઓરીસ્સા) નાને સુરત રાંદેર તાડવાળી શાકભાજી માર્કેટ પાસે જાહેર રોડ ઉપરથી પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.